ફર્રુખસિયર	ઈ.સ. 1713 – 1719	**સૈયદબંધુઓ** (વર્ચસ્વ ધરાવતા બે ભાઈઓ)ની મદદથી ગાદી પર આવ્યો.
મહંમદશાહ	ઈ.સ. 1719 – 1748	સૈયદબંધુઓને હટાવીને લાંબો સમય શાસન કર્યું. તેના સમયમાં ઈ.સ. **1739માં ઈરાનના નાદીરશાહે** ભારત પર આક્રમણ કરી દિલ્લીને ધમરોળી.
શાહઆલમ દ્વિતીય	–	મુઘલ શાસન તેના સમયમાં **નામ પૂરતું** રહી ગયું.

બંગાળ રાજ્ય

મુદ્દો	વિગત
પ્રથમ નવાબ	**મુર્શિદ કુલીખાં.** તેણે બંગાળમાં મુઘલ નિયંત્રણમાંથી રાજ્યને મુક્ત કર્યું.
અન્ય નવાબ	**અલીવર્દી ખાન** અને ત્યારબાદ તેના પૌત્ર **સિરાજ-ઉદ્-દૌલા.**
મહત્ત્વ	સિરાજ-ઉદ્-દૌલા અને બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની વચ્ચે થયેલ **પ્લાસીનું યુદ્ધ (ઈ.સ. 1757)** દ્વારા ભારતમાં બ્રિટિશ સત્તાનો પાયો નંખાયો.

રાજપૂત શાસકો

- અકબરથી લઈને ઔરંગઝેબ સુધી રાજપૂતોએ મુઘલો સાથે સારા સંબંધો જાળવ્યા, પણ 18મી સદીમાં રાજપૂત શાસકોએ સ્વતંત્રતા મેળવવા સંઘર્ષ કર્યો.
- **મુખ્ય રાજ્યો : જોધપુર, બિકાનેર, જયપુર, ઉદયપુર, કોટા.**
- **જયપુર :** સૌથી શક્તિશાળી રાજ્ય હતું. તેની સ્થાપના **સવાઈ જયસિંહે** કરી હતી. તેઓ **મહાન ખગોળશાસ્ત્રી** હતા અને તેમણે **દિલ્લી, જયપુર, ઉજ્જૈન અને મથુરા**માં આધુનિક વેધશાળાઓ સ્થાપી.

શીખ સામ્રાજ્ય

- **સ્થાપના :** ગુરુ નાનકે શીખ ધર્મની સ્થાપના કરી. ગુરુ પરંપરામાં **દસમા ગુરુ ગુરુ ગોવિંદસિંહે** શીખ સત્તાને સંગઠિત કરી.
- **બંદા બહાદુર :** ગુરુ ગોવિંદસિંહના મૃત્યુ બાદ તેમણે મુઘલ સામ્રાજ્ય સામે વિદ્રોહ કર્યો.
- **મિસલ (Misls) :** 18મી સદીમાં શીખ શક્તિ નાના-નાના સમૂહોમાં વહેંચાઈ ગઈ, જેને **મિસલ** કહેવાતા.
- **રણજિતસિંહ :**
  - **સર્વશક્તિશાળી શાસક.** તેઓ **સુકરચકિયા મિસલ**માંથી આવતા હતા. તેમણે **લાહોર** અને **અમૃતસર** પર વિજય મેળવીને મોટું રાજ્ય સ્થાપ્યું.
  - **વિશેષતા :** મજબૂત સેના બનાવવા માટે યુરોપીય અધિકારીઓ અને આધુનિક લશ્કર તૈયાર કર્યું.
  - **મૃત્યુ :** ઈ.સ. **1839**.

મરાઠા સામ્રાજ્ય

- છત્રપતિ શિવાજીના અવસાન પછી મરાઠા સામ્રાજ્યમાં **પેશ્વાઓ**નું વર્ચસ્વ વધ્યું અને મરાઠા સામ્રાજ્ય વિસ્તાર્યું.

પેશ્વાનું નામ	શાસનકાળ	મુખ્ય વિગતો
બાલાજી વિશ્વનાથ	ઈ.સ. 1713 - 1720	છત્રપતિ શાહુના પ્રથમ પેશ્વા. તેમણે મરાઠા સત્તાને સંકટમાંથી બહાર કાઢીને મજબૂત બનાવી.
બાજીરાવ પ્રથમ	ઈ.સ. 1720 - 1740	**સૌથી શક્તિશાળી પેશ્વા. મહાન યોદ્ધા** અને કુશળ રાજનીતિજ્ઞ. તેમણે મરાઠા રાજ્યનો વિસ્તાર મહારાષ્ટ્રની બહાર માળવા, ગુજરાત, બુંદેલખંડ સુધી કર્યો.
બાલાજી બાજીરાવ	ઈ.સ. 1740 - 1761	બાજીરાવ પ્રથમના અવસાન બાદ પેશ્વા બન્યા. બંગાળથી મૈસુર સુધી વિજયો પ્રાપ્ત કર્યા.

- **પાણિપતનું ત્રીજું યુદ્ધ (ઈ.સ. 1761) :**
  - **કોની વચ્ચે :** મરાઠાઓ અને અફઘાનિસ્તાનના શાહ **એહમદશાહ અબ્દાલી** વચ્ચે.
  - **પરિણામ :** મરાઠા રાજ્યની **હાર** થઈ, જેણે મરાઠાઓને નિર્બળ બનાવ્યા.
  - **અસર :** આ હારના સમાચારથી આઘાત પામીને બાલાજી બાજીરાવનું અવસાન થયું. આ યુદ્ધે ભારતમાં **બ્રિટિશ સત્તાના ઉદયનો માર્ગ** મોકળો કર્યો.

- ➥ **વિકાસનો અધિકાર :** શિક્ષણ, રમતગમત, વાંચન.
- ➥ **સુરક્ષાનો અધિકાર :** શારીરિક અને માનસિક હિંસાથી બચાવ.
- ➥ **સહભાગિતાનો અધિકાર :** નિર્ણય પ્રક્રિયામાં સામેલ થવું, પોતાની વાત રજૂ કરવી.

અન્ય મુદ્દાઓ

- **મતદાનમાં સમાનતા :** ભારતમાં **18 વર્ષ કે તેથી વધુ** વયના તમામ નાગરિકોને **કોઈ પણ ભેદભાવ વિના** મતદાનનો અધિકાર છે. (લોકશાહીનો આધારસ્તંભ).
- **સામાન્ય સભામાં ભારત :** ભારતના બંધારણ દ્વારા વિશ્વભરમાં **માનવ અધિકારોની જાહેરાત** કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

16 | રાજ્ય સરકાર

સરકારના મુખ્ય અંગો

- રાજ્ય સરકારના મૂળભૂત હેતુઓમાં લોકોની **સુખાકારી, સલામતી** અને **કલ્યાણ** સાધવાનો છે. આ માટે સરકારનાં મુખ્ય ત્રણ અંગો સતત કાર્યરત રહે છે :

અંગનું નામ	અન્ય નામ	મુખ્ય કાર્ય
ધારાસભા	વિધાનસભા	રાજ્યના અસરકારક શાસન માટે **ધારા (કાયદા) ઘડવા**નું કાર્ય કરે છે.
કારોબારી	–	ધારાસભાએ ઘડેલા કાયદાઓનો **અમલ કરાવવા**નું કાર્ય કરે છે.
ન્યાયતંત્ર	–	કાયદાનો ભંગ કરનારને **સજા** કરવાનું કાર્ય કરે છે.

રાજ્યની ધારાસભા (વિધાનસભા)

- **સ્થાન :** રાજ્યની ધારાસભાને **વિધાનસભા** કહેવામાં આવે છે.
- **સભ્યસંખ્યા :** રાજ્યની વસ્તીના આધારે સભ્યોની સંખ્યા નક્કી થાય છે. ગુજરાતમાં વિધાનસભાની **182 બેઠકો** છે.
- **કાર્યકાળ :** વિધાનસભાનો સામાન્ય કાર્યકાળ **પાંચ વર્ષનો** હોય છે.
- **સભ્ય બનવા માટેની લાયકાત :**
  1. ભારતનો નાગરિક હોવો જોઈએ.
  2. તેની ઉંમર **25 વર્ષ કે તેથી વધુ** હોવી જોઈએ.
  3. સરકારી લાભનું પદ ધરાવતો ન હોવો જોઈએ.
- **વિધાનસભાનું સંચાલન :**
  - ➥ **અધ્યક્ષ (Speaker) :** વિધાનસભાના સભ્યો પોતાનામાંથી જ એકને અધ્યક્ષ (કે સ્પીકર) તરીકે અને બીજાને ઉપાધ્યક્ષ તરીકે ચૂંટી કાઢે છે. તેઓ ગૃહની કાર્યવાહીનું સંચાલન કરે છે.
- **કાયદો બનાવવાની પ્રક્રિયા :** સામાન્ય કે નાણાકીય ખરડો રજૂ થાય, ગૃહમાં ચર્ચા થાય અને બહુમતીથી પસાર થયા બાદ તેને રાજ્યપાલ (Governor)ની સહી માટે મોકલવામાં આવે છે. **રાજ્યપાલની મંજૂરી** મળતાં તે ખરડો **કાયદો** બને છે.
- **વિધાન પરિષદ :**
  - ➥ બિહાર, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, કર્ણાટક, તેલંગાણા, આંધ્રપ્રદેશમાં છે.
  - ➥ સભ્ય બનવા માટેની લાયકાત **30 વર્ષની ઉંમર, ભારતીય નાગરીક**
  - ➥ કાયમી ગ્રહ છે. દરેક સભ્ય છ વર્ષ માટે ચૂંટાય અને 1/3 સભ્ય દર બીજા વર્ષે નિવૃત્ત થાય.

રાજ્યની કારોબારી (મંત્રીમંડળ)

- રાજ્ય કારોબારીમાં **રાજ્યપાલ, મુખ્યમંત્રી** અને **મંત્રીમંડળ**નો સમાવેશ થાય છે.

(અ) રાજ્યપાલ (Governor)

- **વડા :** રાજ્યના બંધારણીય વડા ગણાય છે.
- **નિમણૂક :** તેમની નિમણૂક **કેન્દ્ર સરકાર** દ્વારા કરવામાં આવે છે.
- **લાયકાત :** તેમની ઉંમર **35 વર્ષ** કે તેથી વધુ હોવી જોઈએ.
- **કાર્યકાળ :** સામાન્ય રીતે **પાંચ વર્ષ**નો હોય છે.

(બ) મુખ્યમંત્રી (Chief Minister) અને મંત્રીમંડળ

- **નિમણૂક :** રાજ્યપાલ વિધાનસભામાં **બહુમતી ધરાવતા પક્ષના નેતાને મુખ્યમંત્રી** તરીકે નિમે છે.
- **કાર્યો :**
  1. મંત્રીમંડળના સભ્યોને **ખાતાંની વહેંચણી** કરવી.
  2. મંત્રીમંડળના નિર્ણયોને **રાજ્યપાલ** સમક્ષ રજૂ કરવા.
  3. રાજ્યપાલને **વહીવટ અને ધારાઓ** (કાયદાઓ) અંગેની માહિતી આપવી.
- **મંત્રીમંડળના કાર્યો :** કાયદાઓ ઘડવા, કાયદાઓનો અમલ કરાવવો, નીતિઓ ઘડવી અને નાણાકીય બાબતોનું સંચાલન કરવું.

રાજ્ય સરકારના મુખ્ય કાર્યો

- રાજ્ય સરકાર મુખ્યત્વે **લોકોની સુખાકારી** માટે નીચેનાં કાર્યો કરે છે :

ક્ષેત્ર	મુખ્ય કાર્ય/યોજના
આરોગ્ય	રાજ્યમાં મેડિકલ સેવાઓ પૂરી પાડવી (દા.ત., **સિવિલ હૉસ્પિટલ**).
	અમદાવાદની સિવિલ હૉસ્પિટલ એશિયાની સૌથી મોટી હોસ્પિટલ છે. તેની સ્થાપના **ઈ.સ. 1841**માં થઈ હતી.
	આયુષ્માન ભારત યોજના (PM-JAY) : કેન્દ્ર સરકારની સ્વાસ્થ્ય યોજના (2018), જેમાં આર્થિક રીતે નબળા લોકોને **પાંચ લાખ રૂપિયા** સુધીનો કેશલેશ વીમો મળે છે.
શિક્ષણ	પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા, **ગુજરાત યુનિવર્સિટી** અને અન્ય યુનિવર્સિટીઓનું સંચાલન.
કાયદો અને વ્યવસ્થા	**પોલીસતંત્ર** દ્વારા કાયદો અને શાંતિ જાળવવી.
ટ્રાફિક વ્યવસ્થા	શહેરોમાં ટ્રાફિકનું નિયંત્રણ કરવું.

ધોરણ 8

1 | ભારતમાં યુરોપિયનો અને અંગ્રેજી શાસનની સ્થાપના

પ્રસ્તાવના

- ભારતમાંથી સુતરાઉ કાપડ, રેશમી કાપડ, મરીમસાલા, તેજાના, ગળી, સૂરોખાર, ઈમારતી લાકડાં, અફીણ બહુ જ મોટા પ્રમાણમાં યુરોપમાં નિકાસ થતાં હતાં. ભારત અને યુરોપ વચ્ચેના વેપારના માધ્યમનું મુખ્ય મથક કોન્સ્ટેન્ટિનોપલ હતું. તુર્કોએ ઈ.સ. 1453માં કોન્સ્ટેન્ટિનોપલ જીતી લેતાં યુરોપમાં અને વિશ્વના પશ્ચિમના દેશોમાં ભારતનો માલ જતો બંધ થઈ ગયો. યુરોપવાસીઓને ભારતના મરીમસાલાની તથા અન્ય વસ્તુઓની જરૂરિયાત રહેતી હતી. પરિણામે યુરોપિયન પ્રજાએ જમીનમાર્ગે થતો વેપાર બંધ થતાં નવા જળમાર્ગો શોધીને ભારત સુધી પહોંચવાના પ્રયત્નોની શરૂઆત કરી .

ભારતમાં યુરોપિયન પ્રજાનું આગમન

- યુરોપના પોર્ટુગલ, સ્પેન, હોલેન્ડ જેવાં રાષ્ટ્રોએ ભારત આવવાનો જળમાર્ગ શોધવાની શરૂઆત કરી હતી.

પોર્ટુગીઝો (ફિરંગી)

- વાસ્કો-દ્-ગામા ઈ.સ. 1498માં ભારતમાં કાલિકટ ખાતે આવ્યો ત્યારે કાલિકટના રાજા સામુદ્રિકે (ઝામોરિન) પોર્ટુગીઝોને મરીમસાલાનો વેપાર કરવાની છૂટ આપી. ત્યારબાદ પોર્ટુગીઝોએ ઈ.સ. 1503માં કોચી અને ઈ.સ. 1505માં કન્નુરમાં કિલ્લા બાંધ્યા હતા.
- ભારતમાં પ્રથમ પોર્ટુગલ વાઇસરોય ફ્રાન્સિસ્કો-ડી-અલ્મેડા હતો.
- ત્યારબાદ બનેલા વાઇસરોય અલ્ફાન્ઝો-ડી-આલ્બુકર્કે ગોવા સહિત કેટલાંક બંદરો જીતી લઈ ભારતમાં પોર્ટુગીઝ રાજ્યની સ્થાપના કરી હતી.
- ઈ.સ. 1530માં ગોવા તેમની રાજધાની બની.
- પોર્ટુગીઝોએ ઈ.સ. 1534માં વસઈ, ઈ.સ. 1535માં દીવ અને ઈ.સ. 1559માં દમણ વગેરે જીત્યાં હતાં.
- પોર્ટુગીઝોએ અહમદનગર, કાલિકટ અને બીજાપુરના સુલતાનોને પણ હરાવ્યા હતા.
- કોઈ પણ ભારતીયને દરિયાઈ માર્ગે વેપાર કરવો હોય તો પોર્ટુગીઝોની પરવાનગી લેવી પડતી.
- પોર્ટુગીઝો 'સાગરના સ્વામી' તરીકે ઓળખાતા હતા.

ડચ (વલંદા)

- હોલેન્ડના ડચ લોકોએ સૌપ્રથમ ઈ.સ. 1658ની આસપાસ શ્રીલંકા પર આક્રમણો શરૂ કર્યા અને શ્રીલંકાના મરીમસાલાના વેપાર પર આધિપત્ય જમાવ્યું.
- ડચોએ ભારતમાં ઈ.સ. 1632માં બંગાળમાં તથા ઈ.સ. 1650માં મલબારના વિસ્તારમાં પોતાનો વેપાર જમાવ્યો.
- ડચોએ ગોલકોંડાના શાસક પાસેથી ફરમાન મેળવી 'મસલીપટ્ટનમ' (મછલીપટ્ટનમ)માં પોતાનું સ્થાન જમાવ્યું હતું.
- યુરોપમાં ઈ.સ. 1650 પછી સમયાંતરે ઇંગ્લેન્ડ અને હોલેન્ડ (ડચ) વચ્ચે થયેલાં યુદ્ધોમાં ડચોનો પરાજય થયો અને ભારતમાં ડચોનો વેપારિક એકાધિકાર નાબૂદ થયો.

ડેનિશ પ્રજા

- ડેન્માર્કની ડેનિશ પ્રજાએ ભારતમાં બંગાળના સીરામપુરમાં વેપારી કોઠીની સ્થાપના કરી હતી.

અંગ્રેજો

- પૂર્વનાં રાષ્ટ્રો સાથે વેપાર કરવાના હેતુથી ઈ.સ. 1600માં ઇંગ્લેન્ડમાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીની સ્થાપના કરવામાં આવી.
- ઈ.સ. 1613માં અંગ્રેજોએ જહાંગીર પાસેથી પરવાનગી મેળવીને સુરત ખાતે પોતાની પ્રથમ કોઠી સ્થાપી.
- અંગ્રેજોએ ઈ.સ. 1633માં બાલાસોર અને ઈ.સ. 1651માં હુગલી નદીના કિનારે વેપારી કોઠી (ફેક્ટરી)ની સ્થાપના કરી.
- અંગ્રેજોએ નવી વસાહત ઊભી કરી જેને 'ફોર્ટ વિલિયમ' કહેવામાં આવતી, જે આજે કોલકાતા તરીકે ઓળખાય છે.

ફ્રેન્ચો

- ઈ.સ. 1639માં ફ્રેન્કો માર્ટિન નામના ફ્રેન્ચ અધિકારીએ ચંદ્રગીરીના રાજા પાસેથી મદ્રાસ (ચેન્નાઈ)ને ભાડાપટ્ટે લઈ કોઠી સ્થાપી હતી .
- ઈ.સ. 1664માં ફ્રેન્ચ ઇસ્ટ ઇન્ડિયા કંપનીની સ્થાપના થઈ.
- ફ્રેન્ચોએ ઈ.સ. 1668માં ભારતમાં સુરત ખાતે પ્રથમ કોઠી સ્થાપી.
- ફ્રેન્ચોનું ભારતમાં મુખ્ય મથક મછલીપટ્ટનમ રહ્યું હતું.
- દક્ષિણમાં એકાધિકાર સ્થાપવાના મુદ્દે ફ્રેંચો અને અંગ્રેજો વચ્ચે કર્ણાટક વિગ્રહો થયા. જેમાં ફ્રેંચોની હાર થતાં ફ્રેંચો પોંડિચેરી (પુડુચેરી)ને બાદ કરતાં ભારતમાંથી સત્તાવિહીન થયા.

બંગાળમાં અંગ્રેજો : વેપારથી સંસ્થાન તરફ

- ઈ.સ. 1651માં અંગ્રેજોએ બંગાળમાં પોતાની પ્રથમ કોઠી સ્થાપી.
- ઈ.સ. 1717માં સમ્રાટ ફર્રુખશિયરે અંગ્રેજોને બંગાળ, બિહાર અને ઓડિશામાં મુક્ત વેપાર કરવાની મંજૂરી આપી.
- અંગ્રેજોએ પોતાની કોઠી (ફોર્ટ વિલિયમ)ને કિલ્લેબંધી કરતાં બંગાળના નવાબ સિરાજ-ઉદ્-દૌલાએ 15 જૂન, 1756ના રોજ ફોર્ટ વિલિયમ પર આક્રમણ કરી અંગ્રેજોને હરાવ્યા.

પ્લાસીનું યુદ્ધ (ઈ.સ. 1757)

- 23 જૂન, 1757ના રોજ રોબર્ટ ક્લાઈવના નેતૃત્વ હેઠળ અંગ્રેજ સેના અને નવાબ સિરાજ-ઉદ્-દૌલાની સેના વચ્ચે મુર્શિદાબાદ પાસે આવેલ 'પ્લાસી' નામના સ્થળે યુદ્ધ થયું.
- યુદ્ધમાં મીરજાફર, જગત શેઠ, રાય દુર્લભ, અમીચંદ વગેરે અંગ્રેજો તરફી રહેતા નવાબ સિરાજ-ઉદ્-દૌલાની હાર થઈ.


LATEST EDITION

LIBERTY PUBLICATIONS
EXPERTS IN COMPETITIVE CAREER GUIDANCE

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ આયોજિત

કંડક્ટર

પરીક્ષા માટે ઉપયોગી 100 ગુણના સંપૂર્ણ અભ્યાસક્રમ નો સમાવેશ



- રોડ સેફ્ટી અને પ્રાથમિક સારવારનું રસપ્રદ વર્ણન
- મોટર વ્હીકલ એક્ટ તથા ગુજરાત મોટર રૂલ્સની સંપૂર્ણ માહિતી સુધારાઓ સહિત
- કમ્પ્યૂટર તથા ભાડાના ગાણિતિક પ્રશ્નોનો સમાવેશ
- સામાન્ય જ્ઞાન, અંકગણિત તથા સામાન્ય બૌદ્ધિક ક્ષમતાનો સમાવેશ
- ગુજરાતી તથા અંગ્રેજી વ્યાકરણની પરીક્ષાલક્ષી જાણકારી

1 જાન્યુઆરી, 2026થી અમલમાં આવેલા નવા ભાડાપત્રક સહિત



પુસ્તક ખરીદવા માટે આપેલ QR કોડ સ્કેન કરો.

આદિવાસી બળવાઓ

- ઈ.સ. 1831-32 – કોલ આદિવાસીનો બળવો
- ઈ.સ. 1855 – સંથાલ બળવો
- ઈ.સ. 1910 – છત્તીસગઢના બસ્તરમાં બળવો
- ઈ.સ. 1940 – મહારાષ્ટ્રમાં વારલી લોકોનો બળવો

3 | ભારતનો પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ

પ્રસ્તાવના

- અંગ્રેજોના ઈ.સ. 1757થી 1857 સુધીના શાસને ભારતના લોકોને હચમચાવી નાખ્યા હતા. અંગ્રેજોની વહીવટી ગેરવ્યવસ્થા, રાજકીય વ્યવસ્થા, આર્થિક શોષણ, સામાજિક ભેદભાવ, રંગભેદની નીતિ, ધર્મ પ્રત્યે ઉપેક્ષા, ધાર્મિક અસહિષ્ણુતા, વગેરેએ ભારતીયોમાં અસંતોષ પ્રસરાવ્યો હતો. આ જ બધાં કારણોના પરિણામે ઈ.સ.1857માં એક મહત્ત્વપૂર્ણ ઘટના બની કે જેને 1857નો પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામ કહેવામાં આવે છે.

ઈ.સ. 1857ના સંગ્રામનાં કારણો

- આ સંગ્રામનાં કારણો નીચે મુજબ છે :

રાજકીય કારણ

- ઈ.સ. 1757ના પ્લાસીના યુદ્ધથી બ્રિટિશરોએ ભારતમાં શાસન સ્થાપવાની શરૂઆત કરી.
- તેમણે મૈસૂર-વિગ્રહો કરી, ટીપુ સુલતાનને, અવધના નવાબને, હૈદરાબાદના નિઝામને, મુઘલ બાદશાહને, બંગાળના નવાબને, તાંજોરને એક પછી એક હરાવી દીધા.
- તેમણે મરાઠાઓને પણ હરાવી ઈ.સ. 1818 સુધીમાં સંપૂર્ણ ભારત પર પોતાની રાજકીય સત્તા સ્થાપી દીધી.
- દેશી રજવાડાંઓ પણ વેલેસ્લીની સહાયકારી યોજના થકી અંગ્રેજોને આધીન બન્યા.
- ડેલહાઉસીએ એક આક્રમક ખાલસાનીતિ દ્વારા સતારા, સંભલપુર, ઝાંસી, નાગપુર, અવધ જેવાં રાજ્યોને બ્રિટિશ સામ્રાજ્યમાં ભેળવી દીધાં.
- ડેલહાઉસીએ પેશ્વા, નાનાસાહેબ અને અન્ય રાજાઓને અપાતાં પેન્શન બંધ કર્યા અને અનેક જમીનદારોની જમીનો જપ્ત કરી લીધી હતી. પરિણામે આ બધાનો રોષ આ સંગ્રામનું કારણ બન્યો.

વહીવટી કારણ

- કંપનીના વહીવટીતંત્રમાં ભારતીયોને કોઈ જ સ્થાન ન હતું.
- ઉચ્ચ સ્થાનો પર માત્ર અંગ્રેજ અધિકારીઓની જ નિમણૂક થતી હતી.
- કંપનીનું ન્યાયતંત્ર અત્યંત ખર્ચાળ હતું અને પોલીસતંત્ર નિષ્ક્રિય હતું.
- ભારતીય કર્મચારી અને અંગ્રેજ કર્મચારીના પગારમાં મોટો તફાવત હતો.

આર્થિક કારણ

- ભારતમાં આવેલા બ્રિટિશરોએ ભારતના વિદેશી વેપારનો નાશ કર્યો.
- તે ભારતને કાચામાલનું સંસ્થાન અને પાકામાલનું બજાર બનાવવા માંગતા હતા.
- અંગ્રેજોએ તેમને જરૂરી માલ, જેવો કે કપાસ, ગળી, રેશમ, વગેરેનું ઉત્પાદન ભારતીયો ફરજિયાત કરે તેવી નીતિ અપનાવી હતી.
- અંગ્રેજોની અન્યાયી જકાતનીતિને કારણે ખેડૂતવર્ગ બરબાદ થઈ ગયો.
- ભારતના હુન્નર ઉદ્યોગો, ગ્રામ ઉદ્યોગો, હસ્તકળા કારીગરી બધું જ નાશ પામ્યું.
- આથી, 1857ના સંગ્રામમાં રાજાઓ, જમીનદારો, ખેડૂતો અને કારીગરોએ સંગ્રામમાં ભાગ લીધો હતો.

સામાજિક ધાર્મિક કારણો

- ખ્રિસ્તી પાદરીઓએ ભારતમાં હિંદુ અને મુસલમાનોને ખ્રિસ્તીધર્મમાં વટલાવવા ખૂબ પ્રયત્નો કર્યા જેમને સરકારનું રક્ષણ હતું.
- ઈ.સ.1850ના કાયદામાં ઠરાવવામાં આવ્યું કે, જે હિંદુ કે મુસ્લિમ ખ્રિસ્તી થાય તેમને પૈતૃક મિલકતમાં હિસ્સો મળી શકશે.
- અંગ્રેજો અવારનવાર ભારતીયો સાથે તિરસ્કારપૂર્ણ વ્યવહાર કરતા.
- અંગ્રેજો માનતા હતા કે, ભારતીયો ગંદા, રોગિષ્ટ અને નિમ્નકોટિના છે.
- અંગ્રેજોએ મંદિરો અને મસ્જિદોની મિલકત પર પણ કર નાંખ્યો હતો.
- જેના કારણે ભારતીય જનસમુદાય અંગ્રેજો પ્રત્યે રોષ અને નફરતની લાગણી ધરાવતો હતો.

લશ્કરી કારણ

- ભારતનો આ સંગ્રામ સૌપ્રથમ ભારતીય સૈનિકોએ કર્યો હતો.
- કોઈ પણ ભારતીય સૈનિક સૂબેદારથી વધારે ઉચ્ચ હોદ્દો મેળવી શકતો નહીં.
- અંગ્રેજો ભારતીય સૈનિકો સાથે કોઈ સામાજિક વ્યવહાર કરતા નહીં.
- ભારતીય સૈનિકોને પાઘડી બાંધવા, તિલક કરવા અને દાઢી રાખવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો હતો.

તાત્કાલિક કારણ

- ઈ.સ. 1857ના સંગ્રામનું એક તાત્કાલિક કારણ 'ચરબીવાળા કારતૂસ' હતું.
- અંગ્રેજ સરકારે સૈનિકો માટે જૂની બ્રાઉન બેઝ રાઇફલની જગ્યાએ નવી એન્ફિલ્ડ રાઇફલ ઉપયોગમાં લેવાનું નક્કી કર્યું હતું.
- આ રાઇફલમાં કારતૂસના ઉપરના ભાગે આવેલી કેપને દાંત વડે તોડવાની હતી.
- જાન્યુઆરી, 1857માં બંગાળમાં રહેલાં ભારતીય સૈનિકોમાં એવી અફવા ફેલાઈ કે, આ કેપમાં ગાય અને ડુક્કરની ચરબીનો ઉપયોગ થયેલ છે.

દિવેલા

- તેલીબિયાં પાક છે.
- ઉત્પાદનમાં ભારત વિશ્વમાં પ્રથમ ક્રમે છે.

કપાસ

- કાળી જમીન વધુ માફક આવે છે.
- કપાસ કાપડ ઉદ્યોગ માટે કાચો માલ પૂરો પાડે છે.
- ભારતમાં ગુજરાત કપાસના ઉત્પાદનમાં પ્રથમ ક્રમે છે.
- ગુજરાતમાં ભરૂચ પાસે આવેલ કાનમ પ્રદેશ લાંબા તારના કપાસના ઉત્પાદન માટે પ્રખ્યાત છે.

ખેતીનો વિકાસ

- ખેતીવિકાસનું અંતિમ લક્ષ્ય એ ખોરાકની સુરક્ષામાં વધારો કરવાનું છે.
- કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા અને રાષ્ટ્રીયકૃત તેમજ સહકારી બેન્કો દ્વારા ખેડૂતોને આર્થિક સહાય માટે કૃષિધિરાણ પૂરું પાડવામાં આવે છે.
- ખેત-ઉત્પાદનના સંગ્રહ માટે દેશના વિવિધ ભાગોમાં ગોદામોની વ્યવસ્થા કરવામાં આવી છે.
- ગુજરાતમાં કૃષિમેળાઓ દ્વારા ખેડૂતોને ખેતીને લગતી અદ્યતન માહિતી તથા માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે.
- સરકાર દ્વારા ખેડૂતોને રેડિયો, ટેલિવિઝન, વર્તમાનપત્રો, કિસાન ચેનલ, મોબાઇલ પર કિસાન SMS, ટોલ ફ્રી નંબર 1800 180 1551 (કિસાન કોલ સેન્ટર), સરકારના i-Khedut (ખેડૂત વેબપોર્ટલ) દ્વારા ખેતીને સંલગ્ન અદ્યતન માહિતી અને માર્ગદર્શન અપાય છે.

જંતુનાશકો

- ખેતીના પાકોને થતું નુકસાન અટકાવે છે.
- રાસાયણિક જંતુનાશકોનો અવિવેકી અને આડેધડ ઉપયોગના કારણે જમીન અને પાણીનું પ્રદૂષણ વધ્યું છે તથા મનુષ્યના આરોગ્યને માટે પણ નુકસાનકર્તા છે.
- રાસાયણિક જંતુનાશકોની આડઅસરોથી બચવા માટે તેની જગ્યાએ વનસ્પતિજન્ય કીટનાશકો જેમાં લીમડો, કરંજ, મહુડો, તુલસી, રતનજ્યોત, ફુદીનો, કારેલાં, તમાકુ, રેવેતી વગેરેનો ઉપયોગ થાય છે.

સિંચાઈની ઉન્નત સગવડો

- સામાન્ય રીતે કૂવાઓ, બોર, નાના મોટા બંધો, નહેર, ખેત-તલાવડી, ચેક ડેમ વગેરે દ્વારા કૃત્રિમ વ્યવસ્થાથી પાણીનું સિંચન કરવામાં આવે છે. તેને સિંચાઇ કહે છે.

ટપક સિંચાઈ પદ્ધતિ કે ડ્રિકલ સિંચાઈ

- ટપક સિંચાઈ પદ્ધતિ દ્વારા પાણીની 40%થી 60% સુધીની તથા ખાતરની 25%થી 30% અને વીજળીની 30%થી 35% બચત થાય છે.
- ટપક સિંચાઈ પદ્ધતિનો ઉપયોગ કરવા સરકાર દ્વારા આર્થિક સહાય આપવામાં આવે છે.

ફુવારા પિયત પદ્ધતિ

- આ પદ્ધતિ એ કૃષિ-પાક, લોન, કુદરતી ઢોળાવો (લેન્ડસ્લેપ), ગોલ્ફકોર્સ જેવા વિસ્તારોમાં ઉપયોગી છે.
- તેનો ઉપયોગ ઠંડક તથા ધૂળની ડમરીને ડામવા (બેસાડવા) માટે પણ થાય છે.
- રહેણાક વિસ્તાર, ઔદ્યોગિક એકમો અને કૃષિક્ષેત્રે ઉપયોગ થાય છે.

12 | ઉદ્યોગ

પ્રસ્તાવના

- ઉદ્યોગ એટલે કોઈ પણ કાચા માલનું યાંત્રિક સહાય દ્વારા સ્વરૂપ બદલીને તેની ઉપયોગિતામાં વધારો કરનાર પ્રવૃત્તિ.

કુદરતી સંસાધન આધારિત ઉદ્યોગ

- ડેરી ઉદ્યોગ, પશુપાલન, માંસ ઉદ્યોગ, ઊન ઉદ્યોગ, મત્સ્ય ઉદ્યોગ, મધમાખી સંવર્ધન, રેશમના કીડા સંવર્ધન

કદના આધારે

ગૃહઉદ્યોગ

- શ્રમપ્રધાન ઉત્પાદન-પદ્ધતિ, કુટુંબના સભ્યો દ્વારા ઉત્પાદન
- દા.ત., ખાદી-વણાટ, પાપડ, ખાખરા, અગરબત્તી

ટચૂકડા ઉદ્યોગો

- મૂડીરોકાણ ₹ 25 લાખની મર્યાદા (હાલમાં 2.5 કરોડ)
- દા.ત., ધાતુ, ચામડું, માટી દ્વારા વપરાશી તથા કલાત્મક ચીજો બનાવવી

નાના કદના ઉદ્યોગો

- મૂડીરોકાણ ₹ 25 લાખથી વધુ અને ₹ 5 કરોડથી ઓછું (હાલમાં 2.5 થી 25 કરોડ)
- દા.ત., ઓજારો, વાહનોનું સમારકામ, વપરાશી વસ્તુઓ

મધ્યમ કદના ઉદ્યોગો

- મૂડીરોકાણ ₹ 5 કરોડથી વધુ અને ₹ 10 કરોડથી ઓછું (હાલમાં 25 થી 125 કરોડ)
- દા.ત., યંત્રો, રંગ-રસાયણ, ઇલેક્ટ્રોનિક સાધનોના ઉદ્યોગો

મોટા કદના ઉદ્યોગો

- મૂડીરોકાણ ₹ 10 કરોડથી વધુ (હાલમાં 125 કરોડથી વધુ)
- મૂડીપ્રધાન ઉત્પાદન-પદ્ધતિ
- દા.ત., રેલવેનાં સાધનો, મોટા વાહનો, લોખંડ-પોલાદ ઉદ્યોગ

કાચા માલના આધારે

કૃષિ આધારિત ઉદ્યોગ

- દા.ત., ખાદ્યઉદ્યોગ, સુતરાઉ તથા શણ કાપડ ઉદ્યોગ, વનસ્પતિ તેલ ઉદ્યોગ

સામાજિક વિજ્ઞાનનું પદ્ધતિશાસ્ત્ર

સામાજિક વિજ્ઞાનની સંકલ્પના અને સ્વરૂપ :

- સામાજિક વિજ્ઞાન એ બાળકના સર્વાંગી વિકાસ અને જીવન ઘડતર માટે અગત્યનો વિષય છે.
- તેમાં સમાજનો વ્યક્તિ સાથેનો સંબંધ અને વ્યક્તિનો સમાજ સાથેનો સંબંધ સમજીને અભ્યાસ કરવામાં આવે છે, જે થકી આપણા ભારતીય સાંસ્કૃતિક વારસાને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજી તેને ઉજાગર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.
- સામાજિક વિજ્ઞાનનો દૃષ્ટિકોણ વિશાળ છે. સામાજિક વિજ્ઞાનને સામાજિક સંદર્ભ હોવાથી તેનું સ્વરૂપ ગતિશીલ છે.
- સમાજમાં પ્રવર્તમાન પરિસ્થિતિ સાથે સીધો સંબંધ ધરાવતા બાળકના રોજબરોજના અનુભવો એ સામાજિક વિજ્ઞાનનો પાયો છે.
- બાળક આસપાસના વાતાવરણ સાથેના સંબંધમાં પોતાની પ્રત્યેક પ્રવૃત્તિને સમજવાનું કૌશલ્ય કેળવે તથા વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના અને વ્યક્તિ-સમાજ વચ્ચેનો સંબંધ સમજે અને વિકસે એ જ સામાજિક વિજ્ઞાનનો મુખ્ય હેતુ છે.
- સામાજિક વિજ્ઞાન એ ઇતિહાસ, ભૂગોળ, રાજનીતિશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર – વિષયોનું સંકલિત, એકીકૃત અને સુગ્રથિત સ્વરૂપ છે.
- ધોરણ 6થી 8ના સામાજિક વિજ્ઞાન વિષયમાં આપણા ભારતીય સાંસ્કૃતિક વારસાને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજી તેને ઉજાગર કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.
- ભારતની પ્રાચીન સંસ્કૃતિ અને તેનાં પાયાનાં મૂલ્યોનો બાળકોને પરિચય થાય તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે.
- બાળકની સર્જનશીલતા, વિચારશક્તિ, તર્કશક્તિ અને પૃથક્કરણ કરવાની આવડત વિકસે અને માનવજીવનનાં મૂળભૂત મૂલ્યોનો બાળકના જીવનમાં કાળક્રમે વિકાસ થાય; એ આ અભ્યાસક્રમનો ઉદ્દેશ્ય છે.

બાળકના સામાજિક સંદર્ભો અને સામાજિક વાસ્તવિકતાઓ સમજવામાં સામાજિક વિજ્ઞાનની ભૂમિકા :

- સામાજિક વિજ્ઞાન તેનાં પેટાક્ષેત્રો અને વિષયોને સાંકળીને સમાજના સંદર્ભો અને વાસ્તવિકતાઓનો અભ્યાસ કરે છે.
- તે સમાજમાં બનતી ઘટનાઓ કયા સ્વરૂપે છે, તેની રજૂઆત કરે છે.
- નાગરિક તે ઘટનાઓ સમજીને પોતાના જીવનમાં ઊભી થતી પરિસ્થિતિઓ સાથે અનુકૂલન સાધે છે.
- ઇતિહાસ શિક્ષણ અંતર્ગત અભ્યાસક્રમ કે પાઠ્યક્રમમાં સમાવિષ્ટ સામગ્રી કે વિષયવસ્તુમાં ભૂતકાળમાં બનેલી ઘટનાઓ, ઊભી થયેલી પરિસ્થિતિઓ, વિશેષતાઓનો અભ્યાસ કરી કાર્યકારણ સંબંધો સમજી ભારતીય સંસ્કૃતિના પરિપ્રેક્ષ્યમાં પોતાના જીવન-વ્યવહારને ગોઠવવાની દિશા પ્રાપ્ત કરે છે.
- ભૂગોળ શિક્ષણ અંતર્ગત ભૂતકાળથી આજ સુધી સ્થાનિક પર્યાવરણથી શરૂ કરી આસપાસ બનતી ભૌગોલિક ઘટનાઓ, અનુબંધિત પરિસ્થિતિ તથા કાર્યકારણ સંબંધનો અભ્યાસ કરી ભૌગોલિક બાબતોનો વિશેષ ખ્યાલ પ્રાપ્ત કરે છે, જે થકી ભૌગોલિક દૃષ્ટિકોણ વિકસે છે.
- રાજનીતિશાસ્ત્રના શિક્ષણ દ્વારા લોકશાહી વ્યવસ્થા અનુસંધાને નાગરિકતાનું ઘડતર, તેની ફરજો, તેના વિશે જાણકારી મેળવી પોતાના વ્યક્તિગત જીવનને આદર્શ નાગરિક તરીકે વિકસાવવાની દિશામાં પ્રયત્નો કરી શકે છે.

બાળકના સામાજિક સંદર્ભો :

1. માતા-પિતા, કુટુંબ, પડોશીઓ
2. સમવયસ્કો, શાળા-કોલેજ
3. સ્થાનિક પ્રાદેશિકતા
4. સાંસ્કૃતિક પરંપરાઓ
5. માળખાકીય વ્યવસ્થાઓ અને સુવિધાઓ
6. જીવન નિર્વાહના સ્રોતો
7. ઐતિહાસિક અને ભૌગોલિક સ્રોતોની સામાજિક વિકાસમાં ભૂમિકા

સામાજિક વાસ્તવિકતાઓ સમજવામાં સામાજિક વિજ્ઞાનની ભૂમિકા :

- સામાજિક વિજ્ઞાન એ વ્યક્તિનાં અને સમાજનાં સામાજિક પાસાંનું સર્વગ્રાહી અને શાસ્ત્રીય રીતે તલસ્પર્શી અભ્યાસ કરનારું વિજ્ઞાન છે.
- માનવજીવનના આરંભથી અંત સુધીના સામાજિકતાના વિકાસ માટે પયયી સ્થાનિક સ્રોતોનું અનુસંધાન અને તેનો અભ્યાસ ખૂબ જ જરૂરી છે.
- માનવસમાજમાં સામાજિકતાની સમજના દૃષ્ટિકોણમાં અનેકવિધ વિવિધતાઓ પ્રવર્તમાન સમયમાં જોવા મળે છે, પ્રદેશ મુજબ અનેકવિધ પરિસ્થિતિઓ અને વિષમતાઓ પણ જોવા મળે છે.
- ક્યાંક-ક્યાંક સામાજિક સ્થિતિનાં વિકસેલાં શ્રેષ્ઠ ઉદાહરણો પણ જોવા મળે છે.
- સામાજિક વિકાસની આદર્શરૂપ પરિસ્થિતિ અભ્યાસના સાધન માટે પ્રેરણારૂપ છે, પણ પ્રવર્તમાન માનવસમાજમાં સામાજિકતાના વિકાસની વિસંવાદિતા પણ એટલી જ અવરોધરૂપ છે.
- **વાસ્તવિક સ્વરૂપમાં આ બંને પરિસ્થિતિઓનો અભ્યાસ ખૂબ જ જરૂરી છે.**
    1. સામાજિક વલણો, ધોરણો અને માન્યતાઓ
    2. સામાજિક બાબતોનું વ્યક્તિના જીવનમાં મહત્ત્વ અને પારસ્પરિક સંબંધોની અગત્યતાનું જ્ઞાન, સમજ અને વ્યવહાર જીવનમાં થતા અમલીકરણનો અભાવ, એ પણ એક વાસ્તવિક સ્વરૂપમાં જોવા મળે છે.
    3. સામાજિક વાસ્તવિકતાઓને નજર સમક્ષ રાખી આદર્શ સામાજિક નાગરિક ઘડતર માટે સામાજિક વિજ્ઞાનની

- તેઓ કેળવણી વિશે કહે છે કે, વિદ્યાર્થીને જ્ઞાન અને ચિંતનનો મહેલ ચણી આપનાર વસ્તુઓ તો જુદી જ છે.
- એ છે સ્મૃતિ, નિર્ણયશક્તિ, કલ્પના, તત્ત્વ, તર્કબુદ્ધિ – આ બધાં જ બુદ્ધિનાં સર્જક તત્ત્વોને સક્રિય કરવા માટેની સામગ્રી પૂરી પાડવી એ કેળવણીનું મુખ્ય કાર્ય છે.
- કોઈ પણ વસ્તુ, ઘટના, વિચાર, પરિસ્થિતિ, પરિણામને સર્વે પાસાંઓથી હકારાત્મક, નકારાત્મક અને ઊંડાણપૂર્વકના વિચાર કરી નિષ્પન્ન થતું ચિંતન એટલે વિવેચનાત્મક ચિંતન.
- ચિંતન પ્રક્રિયાથી વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનની વિષયવસ્તુને સમજીને તેનો અર્થ જાણી શકે છે.
- તે વિષયવસ્તુનું જીવનમાં મહત્ત્વ શું છે ? આપણે શા માટે ભૂગોળ, પર્યાવરણ, વસતી શિક્ષણ, અર્થશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર, ભણીએ છીએ તે સમજી શકે છે.
- વિષયવસ્તુમાંથી પ્રાપ્ત થતું મૂલ્ય જીવન ઉપયોગી ભાથું બને તે માટે શિક્ષણમાં આ અભિગમ અપનાવવામાં આવ્યો છે.

વિવેચનાત્મક ચિંતનમાં શિક્ષકની ભૂમિકા :

- વિવેચનાત્મક ચિંતનના આધારે શિક્ષણકાર્ય કરવા માટે શિક્ષકની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની છે.
- શિક્ષકને સૌપ્રથમ તો વિદ્યાર્થીને નવીન પદ્ધતિથી શીખવા માટે કે સહભાગી થવા માટે તૈયાર કરવા પડશે.
- આ પ્રકારની શિક્ષણ-પદ્ધતિથી થતા લાભ વિશે કહેવું પડશે.
- વિષયવસ્તુની રજૂઆત અને એકમનું આયોજન એવી રીતે કરવાનું કે વિદ્યાર્થીઓ જાતે જ પ્રશ્ન પૂછતા થાય અને એકમનો વિકાસ આગળ વધે.
- શિક્ષકે ચહેરા ઉપર સ્મિત, ઉત્સાહ અને પ્રેરણાભાવ રાખીને ચર્ચા, પ્રશ્નો, મંતવ્યો, નિવેદન, તારણ જેવી પ્રક્રિયામાં વિદ્યાર્થીઓ સાથે સહભાગી બનવું પડશે. તે માટે શિક્ષકે પોતાના વિચારો વિદ્યાર્થી ઉપર ઠોકી બેસાડવાના નથી, પણ તેને તેની બેઠક ઉપરથી ઊભા થઈને પ્રશ્ન પૂછતો કરી સક્રિય રીતે વર્ગખંડમાં માનસિક હાજર રહે તે માટે જાગૃત કરવાનો છે.
- આપણા સામાજિક વિજ્ઞાન વિષયની વિષયવસ્તુમાં 'વિચારો' કરીને બ્લોક મૂકવામાં આવ્યા છે. તેમાં ચિંતનાત્મક અને વિવેચનાત્મક વિચારોને પ્રેરણા મળે તેવા પ્રશ્નો પૂછીને વિદ્યાર્થીને ચિંતનયાત્રામાં સહભાગી કરવા પ્રોત્સાહિત કરવાના છે.

અનુભવજન્ય જ્ઞાનનો શિક્ષણમાં વિનિયોગ :

- જીવનના અનુભવથી જ માનવીનું ઘડતર થાય છે. ઘડાયેલો માનવી જ જિંદગીના પડકારો ઝિલવામાં સફળ થાય છે.
- અનુભવજન્ય જ્ઞાન મેળવવાનાં ઘણાં પગથિયાં છે. જેમાં વિદ્યાર્થીને વ્યક્તિગત અનુભવો, પોતાની કાર્યશીલતા અને બીજાઓ સાથે સહકારથી કામ કરવું.
- પરિણામે જે જ્ઞાન મળે તે તદ્દન નવું હશે, નવા વિચારોવાળું હશે અને નવાં કૌશલ્યો તરફ દોરી જનાર હશે.
- શિક્ષકે વિષયાંતર ન થાય તે માટે સતત સતર્કતા રાખવી પડશે. તે અંગે સૂચન કે સલાહની જરૂરિયાત જણાય તો તે પણ પૂરાં પાડવાં પડશે.
- વિદ્યાર્થી શિક્ષણકાર્યમાં માહિતીની જરૂરિયાત અંગે સભાનતા કેળવી ક્રિયા-પ્રતિક્રિયા અન્યો સાથે કરશે. વિદ્યાર્થી ક્રિયા કરીને વસ્તુનું નિર્માણ કરે, નમૂના બનાવે, PPT બનાવે, નાટ્યીકરણ, સમસ્યા ઉકેલ કરવી... આ બધી જ પ્રક્રિયાની ચાવી અનુભવજન્ય જ્ઞાનની ગુરુચાવી છે.
- વિદ્યાર્થીઓ ક્રિયા આધારિત તારણો કાઢશે, વિચારોની, પરિણામોની, અનુભવોની આપ-લે કરી પોતાના નવીન અનુભવોને ગૌરવપૂર્ણ આત્મવિશ્વાસથી અભિવ્યક્ત કરે છે.
- તેઓ જૂના અનુભવો અને નવીન અનુભવ વચ્ચે તુલના કરતાં શીખે છે. આ માટે ચર્ચા કરશે, વિચારો અભિવ્યક્ત કરતાં પહેલાં પૂર્વતૈયારી કરશે.
- વિષયવસ્તુ મૂલ્યબિંદુ, ઉપયોગિતા, ભયસ્થાન, આ બધી જ બાબતો તેમની અભિવ્યક્તિમાં મુખ્ય મુદ્દા રહેશે. તે આ અનુભવો માટે મુશ્કેલીઓ, સમસ્યા અંગે પણ મુક્ત મને રજૂઆત કરશે અને તેનું વ્યક્તિત્વ નૈતિકતાભર્યું, નિર્ભય બનવામાં આ વસ્તુ હૃદયસ્થાન જેવી છે.
- આમ, અનુભવજન્ય જ્ઞાનનો વિનિયોગ વિદ્યાર્થી વિવિધ પરિસ્થિતિમાં કરી સ્વ-સૂઝથી વિકાસ કરતો થાય તેવું આપણું ધ્યેય છે.

સામાજિક વિજ્ઞાન શિક્ષણનાં ધ્યેયો :

ભારતમાં પુરાતન સમયથી વર્તમાન સુધીમાં આવેલ પરિવર્તનો અને સાતત્યતા :

- સમાજની રચનાના માળખામાં અને વિવિધ સામાજિક સંસ્થાઓમાં આવતા બદલાવને સામાજિક પરિવર્તન તરીકે ઓળખવામાં આવે છે.
- પૃથ્વીના પટ પર માનવીએ પોતાની યાત્રા શરૂ કરી તે સમયથી કુદરતી પરિબળોની વચ્ચે તેણે પોતાની વિકાસકૂચ જારી રાખી છે.
- આદિ માનવે શિકારની શોધમાં ભટકવાનું છોડી નદીકિનારે સ્થિર વસવાટની શરૂઆત કરી. માનવ સમુદાયે કુદરતી અને માનવ પરિબળોની સામે ક્યારેક સંઘર્ષ તો ક્યારેક સહકાર સાધી વર્તમાન સુધીની લાંબી મજલની સફર કરી છે. સમયની સાથે માનવ અને માનવસમાજની વિકાસગાથા રોમાંચક અને ઘણી અદ્‌ભુત રહી છે.
- પથ્થર યુગનો માનવી કઈ રીતે જીવતો એ આપણા માટે અગત્યનું નથી, તેના માટે અગત્યનું છે આપણી ભાવિ પેઢીનો માનવી કઈ રીતે જીવશે. આજનું બાળક ભૂતકાળના માનવીની સિદ્ધિઓ અને નિષ્ફળતાઓ સમજશે તો તેના વર્તમાનને યોગ્ય રીતે ઘડી ભવિષ્યના માર્ગને વધુ સરળ બનાવી શકશે.
- આજથી ચાર-પાંચ હજાર વર્ષ પહેલાંના સિંધુ પ્રદેશના માનવી પાસે જ આજની સુવ્યવસ્થિત નગરયોજના અને આજની ગટર-વ્યવસ્થાનાં બીજ પડેલાં હતાં. આ બધું કઈ રીતે શક્ય બન્યું ? તેની સમજ આજના વિદ્યાર્થીઓ અને નાગરિકોએ કેળવવી પડશે.
- આજના વિશ્વ ઇતિહાસના તખ્તા પર થતા રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેના સંઘર્ષ, સમસ્યાઓ અને આ સમસ્યાઓના સંદર્ભમાં બદલાતી જતી નીતિઓને જો આજનું બાળક નહીં સમજે તો વર્તમાન સાથે તે કદી કદમ મિલાવી શકવાનો નથી. તેથી જ આપણી શાળા મહાશાળાઓમાં ભૂતકાલીન અને વર્તમાનકાલીન ઇતિહાસ શિક્ષણ મહત્ત્વનું બન્યું છે.

- પૃથ્વીનો ગોળો બજારમાં વિવિધ પ્રકારના પૃથ્વીના ગોળા ઉપલબ્ધ છે. આ ગોળા લાકડાના, પ્લાસ્ટિકના, પતરાના, રબરના અને કાગળના માવામાંથી બનાવેલ હોય છે. આમાંથી પ્લાસ્ટિકના કે રબરના લેમિનેટેડ પૃથ્વીના ગોળાની પસંદગી કરવી, જે લાંબા સમય સુધી ઉપયોગમાં લઈ શકાય.

2. નકશા :

- નકશો એક વક્રાકાર પૃથ્વી કે તેના કોઈ એક ભાગનું સપાટ કાગળ પરનું નાના કદનું આલેખન છે. આ સમતલ આલેખનને નકશો કહેવાય છે.
- નકશાને અંગ્રેજીમાં Map કહેવાય છે.
- **નકશાના બે પ્રકાર છે :**
  1. માપને ધ્યાનમાં લઈને સર્વે નકશા, એટલાસના નકશા અને ભીંત નકશા
  2. વિગતોને ધ્યાને લઈને પ્રાકૃતિક નકશા, સાંસ્કૃતિક અને રેખાંકિત નકશાઓ.
- **નકશાનાં અંગો :**
- નકશા સંબંધિત વિવિધ કૌશલ્ય કેળવવા માટે વિદ્યાર્થીઓને નકશાનાં મહત્ત્વનાં અંગોનો ખ્યાલ આપવો જરૂરી છે.
- **નકશાનાં મુખ્ય છ અંગો છે :**

(i) અક્ષાંશ-રેખાંશ (ii) સ્કેલમાપ
(iii) પ્રક્ષેપ (iv) ચિહ્નો
(v) ચિહ્નોની ઓળખચાવી (vi) રંગ

(i) અક્ષાંશ-રેખાંશ :

- પૃથ્વી પરના સ્થળ/પ્રદેશને ચોક્કસ જગ્યાએ દર્શાવવા અક્ષાંશ અને રેખાંશનો આધાર લેવો પડે છે.
- આથી અક્ષાંશ અને રેખાંશ નકશાનાં અનિવાર્ય અંગ બની રહે છે.

(ii) સ્કેલ માપ (પ્રમાણ માપ) :

- બે સ્થળો વચ્ચે નકશાઓમાંના અંતર અને વાસ્તવિક અંતર વચ્ચેના ગુણોત્તરને સ્કેલ માપ કહે છે.
- સ્કેલ માપ વિનાના આલેખન કે રેખાંકનને ચાર્ટ્સ કહેવાય છે.
- દરેક નકશામાં ચોક્કસ સ્કેલ માપ દર્શાવેલું હોવું જોઈએ.

(iii) પ્રક્ષેપ :

- પૃથ્વીની વક્રાકાર સપાટીને સમતલ સપાટી પર આલેખવાની પદ્ધતિને નકશામાં 'પ્રક્ષેપ' કહે છે.
- પ્રક્ષેપ દ્વારા પૃથ્વીના ભાગોને નકશામાં આલેખતાં તેના આકાર, કદ અને દિશામાનમાં ઓછી ભૂલો આવે છે.

(iv) ચિહ્નો :

- નકશામાં કેટલીક માહિતી દર્શાવવા માટે કેટલાંક પ્રમાણભૂત ચિહ્નો વપરાય છે. જેથી નકશાનું અર્થઘટન કરવામાં સરળ બને છે.
- તે માટે નકશામાં ઉપયોગમાં લેવાયેલી સંજ્ઞાઓ નકશામાં સંજ્ઞાસૂચિ રૂપે મૂકેલ હોવી જોઈએ.

(v) ચિહ્નોની ઓળખચાવી :

- નકશાઓમાં કેટલીક ભૌગોલિક/ઐતિહાસિક બાબતો રજૂ કરવા માટે પ્રમાણભૂત ચિહ્નો નથી.
- આ માહિતી દર્શાવવા જે ચિહ્નોનો ઉપયોગ કરેલ હોય તેની નકશામાં અલગ ઓળખચાવી આપવી જોઈએ. જે અર્થઘટનમાં મદદરૂપ થાય છે.

(vi) રંગ :

- નકશાઓ સામાન્ય રીતે રંગીન હોય છે.
- રાજકીય નકશાઓમાં વપરાતા રંગોનું કોઇ ચોક્કસ અર્થઘટન નથી, પરંતુ તેનો હેતુ એક દેશથી બીજાને અલગ દર્શાવવાનો હોય છે.
- જ્યારે પ્રાકૃતિક/ભૌગોલિક નકશાઓમાં વપરાતા રંગ અર્થસૂચક હોય છે. આ રંગ આંતરરાષ્ટ્રીય ધોરણે પ્રમાણિત હોય છે.
- પૃથ્વીની સપાટીની જુદી જુદી ઊંચાઈ માટે જુદા જુદા રંગ વપરાય છે. મેદાન પ્રદેશ માટે લીલો, ઉચ્ચપ્રદેશ માટે પીળો, પર્વતીય પ્રદેશ માટે કથ્થાઇ અને પાણી માટે વાદળી રંગ વપરાય છે.
- નકશામાં વપરાયેલ રંગોની ઓળખચાવી પણ નકશાની એક બાજુએ દર્શાવેલી હોવી જોઈએ.

નકશાનું અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં મહત્ત્વ :

- સામાજિક વિજ્ઞાનના શિક્ષણમાં નકશો શિક્ષકનું હાથવગું હથિયાર છે.
- તે શિક્ષકનો સાચો સાથી છે.
- નકશા વિનાનું સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ અધૂરું છે.
- નકશાની મદદથી વિષયવસ્તુ સમજવામાં સરળતા રહે છે.
- સામાજિક વિજ્ઞાનનાં વિવિધ કૌશલ્યો જેવાં કે – નકશાવાચન, નકશાપૂર્તિ, નકશા દોરવા, નકશાનું અર્થઘટન કરવું... વગેરે કૌશલ્યોનો વિકાસ કરી શકાય છે.
- વિદ્યાર્થીઓ સાંકેતિક ચિહ્નો, રંગોનું અર્થઘટન કરતાં શીખે છે.
- વિદ્યાર્થીઓને દિશા, બે સ્થળ વચ્ચેનું અંતર, સીમાઓનો ખ્યાલ વધુ સ્પષ્ટ બને છે.
- નકશાઓ ઐતિહાસિક ઘટનાઓનાં કારણો સમજવામાં ઉપયોગી બને છે.
- પ્રવાસના આયોજન માટે વર્તમાનપત્રોમાં આવતી વિવિધ ઘટનાઓ, બનાવો, પ્રવૃત્તિઓને યોગ્ય રીતે સમજવામાં ઉપયોગી થાય છે.
- નકશાકાર્ય દરમિયાન વિદ્યાર્થીઓ વધુ સક્રિય રહે છે. પરિણામે વિષયવસ્તુ રસમય બને છે.
- વિદ્યાર્થીઓમાં તુલનાશક્તિ, અનુમાન, કાર્યકારણ સંબંધ, અર્થઘટન કરવાની શક્તિ વગેરેનો વિકાસ થાય છે.
- બાળકોને અધ્યયનમાં ઊંચા પ્રકારનો રસ અને પ્રેરણા પૂરાં પાડે છે.

LIBERTY PUBLICATIONS
EXPERTS IN COMPETITIVE CAREER GUIDANCE

લેટેસ્ટ ફેક્ટસ ઈન જનરલ નોલેજ (LGK)

લવાજમ ભરવાના ફાયદા

સમયગાળો		લવાજમ વિના 6 LGKની કિંમત	લવાજમ ભર્યા બાદ 6 LGKની કિંમત	SAVE
છ માસિક	→	660/-	570/-	90/-
વાર્ષિક	→	1320/-	950/-	370/-
દ્વિ-વાર્ષિક	→	2640/-	1680/-	960/-



વર્તમાન પ્રવાહોમાં 100% સફળતાની ગેરંટી એટલે LGK

LGKનું લવાજમ ભરવા માટે આપેલ QR Code Scan કરો

સામાજિક વિજ્ઞાનનો અન્ય વિષયો સાથેનો અનુબંધ :

ઈતિહાસનો ભૂગોળ સાથે અનુબંધ :

- સામાજિક વિજ્ઞાનમાં ઈતિહાસ અને ભૂગોળ વચ્ચે અરસપરસ અતિ ઘનિષ્ઠ સંબંધ છે. બંને વિષયો "એક સિક્કાની બે બાજુઓ' સમાન છે. બંને વિષયો સામાજિક વિજ્ઞાનના વિષયો છે બંનેનું ધ્યેય પણ સમાન છે."
- બંને વિષયો વિશ્વના માનવસમાજની ગતિ-પ્રગતિ તેમની વિકાસયાત્રા અને વિવિધ ક્ષેત્રે તેમની સિદ્ધિઓનું સ્પષ્ટીકરણ કરે છે.
- ઈતિહાસના શિક્ષણ માટે ભૂગોળના જ્ઞાનનો આધાર લેવાનું આવશ્યક છે. કોઈ પણ દેશના ઈતિહાસને ઘડવામાં – આકાર આપવામાં તે દેશની ભૌગોલિક પરિસ્થિતિનું મહત્ત્વપૂર્ણ યોગદાન હોય છે.
- ડો. જોન્સનના મત પ્રમાણે... ભૂગોળ વિના ઈતિહાસ અને ઈતિહાસ વિના ભૂગોળની કલ્પના કરવી અસંભવ છે.
- પ્રો. વી. ડી. ઘાટ જણાવે છે કે... ઈતિહાસ એ માનવ-વ્યવહારોનો સંગ્રહ છે, જ્યારે ભૂગોળ આ વ્યવહારો જે સ્થળે બન્યા હોય તે સ્થળનો નિર્દેશ કરતો વિષય છે.
- ઈતિહાસના પ્રસંગો ઘટનાઓ થવાનાં કારણો તે સ્થળની ભૂગોળથી પરિચિત થવાથી જાણી શકાય છે.
- ભૂગોળને મહદ્અંશે વર્તમાન સાથે સંબંધ છે, જ્યારે ઈતિહાસને અતીત સાથે સંબંધ છે.
- માનવ જે સ્થળે ગયો અને વ્યવહાર કર્યો અને જુદી જુદી સંસ્કૃતિઓ વિકસાવી તેનું વર્ણન ઈતિહાસ કરે છે.
- ઈતિહાસ જે બન્યું તે દર્શાવે છે, જ્યારે ભૂગોળ માનવની વર્તમાન રહેણીકરણી, તેની આર્થિક પ્રવૃત્તિઓનું વર્ણન કરે છે.
- રિચાર્ડ હાર્ટશોના 'ધ નેચર ઓફ જ્યોગ્રાફી' નામના પુસ્તકમાં બંને વચ્ચેનો સંબંધ આ મુજબ સ્પષ્ટ કરે છે .
- સમયનો આધાર લઈ વર્ણન કરવું એ ભૂગોળ છે.
- ભૂગોળ એ ઈતિહાસથી માત્ર સમય અને વિસ્તારની દૃષ્ટિએ ભિન્ન છે.
- ઘટના ક્યા સમયે ઘટી, બનાવ ક્યા સ્થળે બન્યો એ ઈતિહાસ દ્વારા જાણી શકાય છે. ભૂગોળ એ ઘટનાસ્થળ, સ્થાન અંગેની વિસ્તૃત માહિતીની જાણકારી આપે છે.
- ભૂગોળ એ ઈતિહાસને સમજવાની દૃષ્ટિ છે, ઈતિહાસની ભવ્ય ઈમારતોનો પાયો ભૌગોલિક પરિવેશ છે.
- માનવજીવનની વિકાસયાત્રામાં, સાંસ્કૃતિક યાત્રામાં, તેની સિદ્ધિ કે સફળતામાં કે નિષ્ફળતામાં 'ભૌગોલિક પરિવેશ' મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.
- ઈતિહાસ આખરે તો પૃથ્વી પર ચાલતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું જ વર્ણન છે.
- રંગમંચ અને નાટક વચ્ચે જેવો ઘનિષ્ઠ સંબંધ છે તેવો જ પારસ્પરિક નિકટનો નાતો ભૂગોળ અને ઈતિહાસ, ઈતિહાસ અને ભૂગોળ વચ્ચે છે.
- કોઈ પણ દેશની ભૌગોલિક પરિસ્થિતિ જ એના ઈતિહાસને ઘડે છે, તે એના ઈતિહાસનો આધાર છે.
- 'ભૌગોલિક સ્થિતિ ઈતિહાસનો આધાર છે. માનવના ખોરાક, પોશાક, આહાર-વિહાર વગેરે પર ભૌગોલિક વાતાવરણનો પ્રભાવ પડે છે.' **– ઈસા બૌમેહા**

ઉદાહરણો :

- મહારાષ્ટ્રની ભૌગોલિક અનુકૂળતાને શિવાજીને વિજય અપાવ્યો.
- નદી તટની સંસ્કૃતિઓ
- પ્રાચીન સમયમાં દિલ્હી રાજધાની શા માટે ?
- ભારત-પાકિસ્તાન ભાગલા
- બાંગ્લાદેશનો ઉદય
  - કોઈ પ્રદેશ-દેશની પ્રજાનાં લક્ષણો, નદી કિનારાની સંસ્કૃતિ, યુદ્ધો, યુદ્ધનાં પરિણામો, આક્રમણના માર્ગો, રાજ્ય વિસ્તાર, બંદરોનો વિકાસ અને વેપાર વગેરેની સમજ ભૂગોળનો અનુબંધ સાધવાથી વિકસે છે.
  - ઈતિહાસના બનાવો સમજવા ત્યાંની ભૌગેલિક પરિસ્થિતિનો અભ્યાસ આવશ્યક છે. ઈતિહાસ એ નાટકનાં પાત્રો છે તે ભૂગોળ એ નાટક ભજવવા માટે પાત્રોનો તખતો છે.

ઈતિહાસ અને નાગરિક શાસ્ત્ર :

- સામાજિક વિજ્ઞાન વિષયના બંને વિષયો છે. બંને એક સિક્કાની બે બાજુ સમાન છે.
- ઈતિહાસને નાગરિકશાસ્ત્ર વગર અને નાગરિકશાસ્ત્રને ઈતિહાસ વગર ચાલી શકે તેમ નથી.
- નાગરિકશાસ્ત્ર માનવીઓનાં કાર્યોને નાગરિક સાથે સાંકળીને અભ્યાસ કરે છે, જ્યારે ઈતિહાસ માનવીનાં કાર્યોને સમાજ સાથે સાંકળીને વર્ણવે છે.
- નાગરિકશાસ્ત્રમાં વર્તમાન શાસનતંત્રના સ્વરૂપનું વર્ણન હોય છે, જ્યારે ઈતિહાસ ભૂતકાલીન શાસન-વ્યવસ્થા વર્ણવે છે.
- નાગરિકશાસ્ત્ર વર્તમાન સમયની સામાજિક અને રાજકીય સમસ્યાઓનું વર્ણન કરે છે, જ્યારે ઈતિહાસ ભૂતકાલીન માનવ સમાજનો વિકાસ વર્ણવે છે.
- ઈતિહાસ એટલે ભૂતકાલીન રાજ્ય વ્યવસ્થા – પ્રો. ફ્રીમેન. તો પ્રો. જોન્સનના કહેવા પ્રમાણે : 'શાળાઓમાં ઈતિહાસના અધ્યાપનમાં સરકારની વ્યવસ્થા, તેનાં સ્વરૂપો તથા પરિવર્તનો અને કાર્યોનું જ્ઞાન અપાય છે.'
- કૌટિલ્યનું અર્થશાસ્ત્ર જેટલો રાજનીતિ શાસ્ત્રનો ગ્રંથ છે તેટલો જ ઈતિહાસનો ગ્રંથ છે.
- ઈતિહાસનું ક્ષેત્ર વ્યાપક છે તથા માનવીની પ્રત્યેક ક્રિયા સાથે જોડાયેલ છે, ત્યારે નાગરિકશાસ્ત્રનું ક્ષેત્ર સીમિત છે.
- ઈતિહાસ માનવના ભૂતકાળની વ્યાખ્યા કરે છે, જ્યારે નાગરિકશાસ્ત્ર વર્તમાન તથા ભૂતકાળ બંનેની ચર્ચા કરે છે.
- એસ. કે. કોચર આ અંગે જણાવે છે કે 'જેમ વનસ્પતિશાસ્ત્રનો સંબંધ વનસ્પતિ સાથે અને જીવશાસ્ત્રનો સંબંધ પ્રાણીઓ સાથે છે તેમ શાસનતંત્ર સાથે ઈતિહાસનો સંબંધ છે."

9. શાળાને લગતી પ્રવૃત્તિઓ :

- સામાજિક વિજ્ઞાનને ધ્યાનમાં રાખી શાળાને લગતી કેટલીક પ્રવૃત્તિઓ થઈ શકે.
- ઉદ્યોગપતિનું પ્રવચન ગોઠવી શકાય.
- સામાજિક વિજ્ઞાનના નિષ્ણાતોના પ્રવચનો ગોઠવી શકાય.
- ભેગી કરેલી માહિતી બુલેટિન બોર્ડ પર મૂકી શકાય.
- દૈનિક પેપરમાંથી સમાચાર પ્રાર્થનાસભામાં રજૂ કરી શકાય, બુલેટિન બોર્ડ પર મૂકી શકાય.
- દૈનિક પેપરમાંથી ભેગા કરેલાં સમાચાર બુલેટિન બોર્ડ પર લખવામાં આવે.
- પ્રાર્થનાસભામાં, અંદાજપત્ર, પંચવર્ષીય યોજના વગેરેની માહિતી રજૂ કરી શકાય. ગાંધીજી, સરદાર પટેલ વગેરે.

10. અર્થઘટન કરવાનું કૌશલ્ય :

- સામાજિક વિજ્ઞાન મંડળ દ્વારા થયેલ પ્રવૃત્તિઓ પ્રાર્થનાસભામાં રજૂ કરી શકાય.
- પ્રવાસ, મુલાકાતની માહિતી આપી શકાય.
- સમાચારનું વાંચન કરી શકાય.
- અન્ય મંડળની પ્રવૃત્તિઓના સમાચાર રજૂ કરી શકાય.

11. સ્કેપબુક તૈયાર કરવી :

- સામાજિક વિજ્ઞાન વિષય માનવજીવન સાથે સંકળાયેલ છે, તેની આર્થિક બાબતો વિશેનો અભ્યાસ કરી સ્કેચ બુકમાં મૂકી શકાય.
- સામાજિક વિજ્ઞાનને લગતી માહિતી-મેગેઝિન, વર્તમાન પેપર વગેરેમાંથી ભેગી કરી મૂકી શકાય.
- દા.ત., બજેટ, આર્થિક નીતિ, ઉદ્યોગ નીતિ, વિદેશ વેપાર વગેરે.
- વસ્તીવિષયક આંકડાઓ, પંચવર્ષીય યોજનાઓ, ઉદ્યોગો, વસ્તી, બેકારી, ઉત્પાદન, વિકાસદર, ખેતી વગેરે.
- સ્કેપબુક વર્ષ પ્રમાણે બનાવી શકાય, તેમાં નવી નવી છેલ્લામાં છેલ્લી બાબતો ઉમેરાતી જાય.
- સ્કેપબુક તૈયાર કરવાથી વિદ્યાર્થીઓને વાંચનમાં રસ લેતા કરી શકાય. કટિંગ્સ, વર્ગીકરણ, સંગ્રહ સાચવણી, ફાઈલિંગ વગેરેની તાલીમ મળે છે.

12. વિશિષ્ટ દિવસોની ઉજવણી :

- શાળામાં વિશિષ્ટ દિવસોની ઉજવણી કરવામાં આવે.
- દા.ત., 15મી ઓગસ્ટ, 26મી જાન્યુઆરી, શાળા સ્થાપના દિવસ, નવરાત્રિ, રક્ષાબંધન, જન્માષ્ટમી, સરદાર પટેલ નિર્વાણ દિન, ગાંધીજી નિર્વાણ દિન, ઈદ, રમજાન, નાતાલ, વૃક્ષારોપણ, વિશ્વ પર્યાવરણ દિન, વન સપ્તાહ, પ્રાણી સુરક્ષા સપ્તાહ વગેરે.

13. સામાજિક સેવાકાર્યો :

- કુદરતી આફતોના સમયમાં સામાજિક સેવાનાં કાર્યો હાથ ધરવામાં આવે છે.
- પૂર, ભૂકંપ જેવા સમયે ફૂડ પેકેટ તૈયાર કરવામાં આવે.
- વિદ્યાર્થીઓ દ્વારા પેકેટનું વિતરણ કરવામાં આવે.
- શાળા પોતાની પરિસ્થિતિ અને અનુકૂળતા પ્રમાણે પ્રવૃત્તિઓનું આયોજન કરી, વિદ્યાર્થીઓમાં સામાજિક વિજ્ઞાન તરફ રસ લેતા કરી શકાય.
- વિદ્યાર્થીઓ સારું કાર્ય કરે તો તેને પ્રેરણા પૂરી પાડવી જોઈએ.
- આ ઉપરાંત સાધનનું નિર્માણ કરવાની પ્રવૃત્તિ
- ગ્રાહક સુરક્ષા, દેશપ્રેમ ગીત સ્પર્ધા, દેશ-વિદેશના સિક્કાઓ, ટપાલ-ટિકિટો એકઠી કરવી, ઉષ્ણતામાન, હવાનું દબાણ, ભેજનું પ્રમાણ અને વરસાદનું પ્રમાણ જાણવા વપરાતાં સાદાં યાંત્રિક સાધનો વાપરતાં શીખવવું.

સામાજિક વિજ્ઞાન મંડળના હેતુઓ :

- વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાન મંડળમાં રસ લેતાં કરવા.
- વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાન મંડળના ક્ષેત્રમાં થતાં કાર્યોથી પરિચિત કરવા.
- વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાન મંડળની શોખની પ્રવૃત્તિઓ વિકસાવવી.
- સામાજિક વિજ્ઞાનના હોશિયાર વિદ્યાર્થીઓને શોધી કાઢવા અને તેમના વિકાસ માટેની પ્રવૃત્તિઓ હાથ ધરવી.
- વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાનનો વ્યવહારિક જીવનમાં ઉપયોગ કરતાં થાય.
- વિદ્યાર્થીઓ પોતાની શક્તિને ધ્યાનમાં રાખી વ્યવસાય પસંદ કરી શકે.
- વિદ્યાર્થીઓ પોતાની જવાબદારી સમજી શકે.
- વિદ્યાર્થીઓ પોતાના નવરાશના સમયનો યોગ્ય ઉપયોગ કરતાં થાય.
- વિદ્યાર્થીઓ પોતાની શક્તિ સર્જનાત્મક માર્ગે વાળે તે તરફ ધ્યાન ખેંચવા.
- વિદ્યાર્થીઓમાં આત્મ વિશ્વાસનો વધારો કરવા.
- વિદ્યાર્થીઓમાં લઘુતાગ્રંથિ દૂર કરવા તેમજ રજૂઆત કરતાં થાય.
- વિદ્યાર્થીઓ પોતાના સંસારિક જીવનમાં સામાજિક વિજ્ઞાનના જ્ઞાન પ્રમાણે જીવન જીવે તે પ્રમાણે વિચાર કરતાં થાય.
- શૈક્ષણિક સાધનોનું નિર્માણ કરે.
- જૂથકાર્યમાં સહકાર આપે.
- ઉમદા વિશ્વ નાગરિક બને.
- રાષ્ટ્રની સંપત્તિનું જતન કરે.
- માનવ અધિકારોથી પરિચિત થાય અને તેનો આદર કરે.
- રાષ્ટ્રના સાંસ્કૃતિક વારસાનું જતન કરતાં શીખે.
- શાળાનું પર્યાવરણ પ્રવૃત્તિઓથી જીવંત બનાવે.
- રાષ્ટ્રનાં વિકાસ કાર્યોમાં સહભાગી બને.

સામાજિક વિજ્ઞાન શિક્ષણ અને ક્ષેત્ર મુલાકાત :

મૂલ્યાંકનની પ્રવિધિઓ :

➥ મૂલ્યાંકન એ સતત ચાલતી પ્રક્રિયા છે. શિક્ષણ પ્રક્રિયામાં તેનું આગવું મહત્ત્વ હોઈ છે

મોડેલ પ્રશ્નપત્ર (નવા અભ્યાસક્રમ અનુસાર)

વિભાગ 1

1. એક શિક્ષક કહે છે, "બધાં બાળકોમાં વિકાસનો ક્રમ જોવા મળે છે, તેથી સમાન ઉંમરનાં બધાં બાળકોએ એક જ સમયે સમાન કૌશલ્ય પ્રાપ્ત કરવું જોઈએ." શિક્ષકના આ નિષ્કર્ષનું યોગ્ય મૂલ્યાંકન કર્યું છે?

(A) યોગ્ય છે, કારણ કે વિકાસનો ક્રમ અને વિકાસની ગતિ એક જ બાબત છે.

(B) અયોગ્ય છે, કારણ કે વિકાસનો ક્રમ હોવા છતાં વ્યક્તિગત વિકાસની ગતિમાં તફાવત હોય છે.

(C) યોગ્ય છે, કારણ કે સમાન ઉંમરનાં બાળકોના અનુભવો સમાન હોય છે.

(D) અયોગ્ય છે, કારણ કે બાળકના વિકાસમાં કોઈ ક્રમ હોતો નથી.

2. એક વિદ્યાર્થીની શીખવાની ક્ષમતા વિશે શિક્ષક કહે છે, "તેની ક્ષમતા વારસાથી નક્કી થઈ ગઈ છે; શાળાનું વાતાવરણ બદલવાથી કોઈ લાભ નહીં થાય." વિકાસના સિદ્ધાંતો અનુસાર કયું વિધાન સૌથી યોગ્ય છે?

(A) વારસો વિકાસને અસર કરે છે, પરંતુ વાતાવરણ માત્ર શારીરિક વૃદ્ધિને અસર કરે છે.

(B) શાળામાં પ્રવેશ પછી વારસાની અસર સંપૂર્ણપણે સમાપ્ત થાય છે.

(C) વારસો અને વાતાવરણ એકબીજાથી સ્વતંત્ર રહીને વિકાસ નક્કી કરે છે.

(D) વિકાસમાં વારસો અને વાતાવરણની આંતરક્રિયા ભાગ ભજવે છે; શૈક્ષણિક તકોમાં સુધારો ઉપયોગી બને છે.

3. પિયાજેના સંરચનાવાદી અભિગમ અનુસાર વિદ્યાર્થીઓમાં જ્ઞાનની રચના માટે નીચેની કઈ પ્રવૃત્તિ સૌથી વધુ યોગ્ય છે?

(A) વિદ્યાર્થીઓને વસ્તુઓ પર બળ લગાવી ફેરફારોનું અવલોકન કરાવવું અને તેમના તારણોની ચર્ચા કરાવવી.

(B) શિક્ષકે નિયમ સમજાવી વિદ્યાર્થીઓને તેની વ્યાખ્યા વારંવાર લખાવવી.

(C) પ્રયોગનું પરિણામ અગાઉથી જણાવવું અને તે જ પરિણામ લખનારને ગુણ આપવા.

(D) વિદ્યાર્થીઓની પૂર્વસમજ જાણ્યા વિના સીધી જ અમૂર્ત વ્યાખ્યા સમજાવવી.

4. વિદ્યાર્થી સમસ્યાનો ઉકેલ શોધતી વખતે અટકે છે. વાયગોત્સ્કી સંબંધિત શૈક્ષણિક સૂચનોને અનુરૂપ શિક્ષકનો સૌથી યોગ્ય પ્રતિભાવ કયો છે?

(A) વિદ્યાર્થીને કોઈ પણ પ્રકારની મદદ વિના ફરી પ્રયત્ન કરવા કહેવું.

(B) સંપૂર્ણ ઉકેલ લખાવી તેનું પુનરાવર્તન કરાવવું.

(C) વિદ્યાર્થીની વિચારપ્રક્રિયા સાંભળવી, માર્ગદર્શક પ્રશ્નો પૂછવા અને સહપાઠીઓ સાથે ચર્ચાની તક આપવી.

(D) વિદ્યાર્થીની ક્ષમતાનું મૂલ્યાંકન માત્ર તેના અંતિમ જવાબ પરથી કરવું.

5. નીચેની બે પરિસ્થિતિઓ વાંચો.

પરિસ્થિતિ-I : વિદ્યાર્થી પુરાવા સાથે જવાબ આપે ત્યારે શિક્ષક તરત તેની ચોક્કસ પ્રશંસા કરે છે. ત્યાર પછી વિદ્યાર્થી વધુ વાર પુરાવા સાથે જવાબ આપવા લાગે છે.

પરિસ્થિતિ-II : વિદ્યાર્થી કોયડો ઉકેલવા જુદા જુદા ઉપાયો અજમાવે છે. નિષ્ફળ ઉપાયો છોડીને સફળ ઉપાય અપનાવતાં તેના પ્રયત્નો અને સમય ઘટે છે.

આ પરિસ્થિતિઓ સાથે સૌથી યોગ્ય રીતે જોડાતા સિદ્ધાંતો કયા છે?

(A) I — પાવલોવનું શાસ્ત્રીય અભિસંધાન; II — કોહલરનું આંતરસૂઝ દ્વારા અધ્યયન

(B) I — સ્કીનરનું કારક અભિસંધાન; II — થોર્નડાઇકનું પ્રયત્ન અને ભૂલ દ્વારા અધ્યયન

(C) I — થોર્નડાઇકનું પ્રયત્ન અને ભૂલ દ્વારા અધ્યયન; II — સ્કીનરનું કારક અભિસંધાન

(D) I — કોહલરનું આંતરસૂઝ દ્વારા અધ્યયન; II — પાવલોવનું શાસ્ત્રીય અભિસંધાન

6. રીના જૂથકાર્ય દરમિયાન સહપાઠીઓની લાગણીઓ અને મતભેદો સમજીને તેમની વચ્ચે સહકાર સાધે છે. મીના પોતાની લાગણીઓ, શક્તિઓ અને મર્યાદાઓને સમજીને વ્યક્તિગત લક્ષ્યો નક્કી કરે છે. ગાર્ડનરના સિદ્ધાંત મુજબ અનુક્રમે કઈ બુદ્ધિ વધુ સ્પષ્ટ રીતે વ્યક્ત થાય છે?

(A) વ્યક્તિઅંતર્ગત બુદ્ધિ — આંતરવૈયક્તિક બુદ્ધિ

(B) ભાષાકીય બુદ્ધિ — તાર્કિક-ગાણિતિક બુદ્ધિ

(C) આંતરવૈયક્તિક બુદ્ધિ — ભાષાકીય બુદ્ધિ

(D) આંતરવૈયક્તિક બુદ્ધિ — વ્યક્તિઅંતર્ગત બુદ્ધિ

7. શાળાના પ્રદર્શનમાં શિક્ષક સાધનો ગોઠવવાનું કામ માત્ર છોકરાઓને અને સ્વાગતનું કામ માત્ર છોકરીઓને સોંપે છે. જાતિગત સમાનતા જાળવવા સૌથી યોગ્ય સુધારો કયો છે?

(A) વિદ્યાર્થીઓની રુચિ અને ક્ષમતાને ધ્યાનમાં રાખીને બંને પ્રકારનાં કાર્યોમાં છોકરા-છોકરીઓને સમાન તક આપવી.

(B) બંને જૂથોને સમાન ગુણ આપીને કામની વહેંચણી યથાવત્ રાખવી.

(C) આગામી કાર્યક્રમમાં કામ ઊલટાવી દેવું, પરંતુ રુચિ અને ક્ષમતા ધ્યાનમાં ન લેવી.

(D) બંને જૂથોને અલગ તાલીમ આપીને તેમના માટે નક્કી કરેલાં કાર્યો કાયમી રાખવાં.

8. શિક્ષક બે અલગ હેતુ માટે માહિતી મેળવવા માગે છે.

હેતુ–I : વિદ્યાર્થીમાં રહેલી વિશિષ્ટ સુપ્ત ક્ષમતા ઓળખવી.

હેતુ–II : શીખવેલા એકમમાં વિદ્યાર્થીએ કેટલું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે જાણવું.

આ હેતુઓ માટે અનુક્રમે કઈ કસોટીઓ યોગ્ય છે?

(A) સિદ્ધિ કસોટી — અભિયોગ્યતા કસોટી

(B) વલણમાપન કસોટી — વ્યક્તિત્વ કસોટી

(C) અભિયોગ્યતા કસોટી — સિદ્ધિ કસોટી

(D) વ્યક્તિત્વ કસોટી — વલણમાપન કસોટી

9. એક શાળા દર અઠવાડિયે લેખિત કસોટી લે છે અને માત્ર વિષયવાર ગુણ નોંધે છે. તે આ વ્યવસ્થાને "સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન" કહે છે. આ દાવાનું સૌથી યોગ્ય મૂલ્યાંકન કર્યું છે?

(A) દાવો યોગ્ય છે, કારણ કે વારંવાર કસોટી લેવાથી મૂલ્યાંકન આપમેળે સર્વગ્રાહી બને છે.

(B) દાવો અધૂરો છે, કારણ કે વિષયજ્ઞાન ઉપરાંત વ્યક્તિગત-સામાજિક ગુણો, વલણો અને અન્ય પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન તથા પ્રતિપોષણ પણ જરૂરી છે.